આંક:- ૦૪

**મહે.લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ, જિ.અમદાવાદ.**

**ફરિયાદી :- ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ હેઠળનાં નિરીક્ષક, અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપી :- (૧) એમ્પ્લોયર,**
**કુલદીપભાઈ આસોદરીયા**
બી. સ્થાપત્ય વીલા, ટોરેન્ટ પાવર સ્ટેશનની સામે,
એસ.પી.રીંગ રોડ, નિકોલ, અમદાવાદ.

**(૨) કુદરત બીલ્ડકોન,**
ઠેકાણુ:-એફ-પી.૧૨૯, સર્વે નં.૫૦૮/૧,
ટી.પી. ૧૧૧, સ્વાસ્થી બીઝનેસ કોર્નર,
ટોરેન્ટ પાવર સ્ટેશનની સામે,
એસ.પી.રીંગ રોડ, નિકોલ, અમદાવાદ.

**ગુન્હો :-** મકાન તથા અન્ય બાંધકામ મજુર અધિનિયમ(રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન ઓફ સર્વીસ) રૂલ્સ-૨૦૦૩ નાં નિયમોનાં ભંગની ફરીયાદ.

**-: ચૂ કા દો :-**

(૧) આ કામના ફરીયાદી **ધી ગુજરાત મકાન તથા અન્ય બાંધકામ મજુર અધિનિયમ(રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન ઓફ સર્વીસ) હેઠળના નિરીક્ષકશ્રી** અમદાવાદ નાઓએ હાલની ફરીયાદ રજુ કરેલ, જે મુજબ આરોપીએ સદરહુ કાયદાનાં રૂલ્સ-૨૦૦૩ નાં **નિયમ-૭૭** નો ભંગ કરેલ છે, તેમ કરીને આરોપીએ બીલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ, ક.૪૭ હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે.

(૨) આરોપીને સમન્સ ઈસ્યુ કરતા આરોપી/અધિકૃત વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ **ભારતીયનાગરીક સુરક્ષા સંહિતા** મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ જેથી તેઓએ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત રજૂ કરેલ છે. જે રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપીપક્ષે હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા

મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો ધી ગુજરાત મકાન તથા અન્ય બાંધકામ મજુર અધિનિયમ(રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન ઓફ સર્વીસ) રૂલ્સ–૨૦૦૩ નાં નિયમ–૭૭ નો ભંગ કરેલ છે, તેમ કરીને આરોપીઓએ બીલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ, ક.૪૭ મુજબનો ગુન્હો કરેલ છે. તે સંજોગોમાં આરોપીપક્ષ સ્વેચ્છાએ ભારતીય ન્યાય સંહિતા મુજબ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯ ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીપક્ષને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

## –: હુકમ ::–

(૧) આ કામના આરોપીઓને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે** ધી ગુજરાત મકાન તથા અન્ય બાંધકામ મજુર અધિનિયમ(રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કન્ડીશન ઓફ સર્વીસ) રૂલ્સ–૨૦૦૩ નાં નિયમ–૭૭ નો ભંગ કરેલ હોય ક.૪૭ મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને પ્રત્યેક ભંગ બદલ રૂા.૫,૦૦/– મુજબ એક **ભંગનાં બે આરોપીઓ**ના કુલ મળીને **રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિય એક હજાર પુરા)** નાં દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીપક્ષ દંડની રકમ ભરવાનો કસૂર કરે તો **આરોપી/કબુલાત કરનારે** એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીપક્ષે ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

(૪) આરોપીએ ઉપર મુજબના નિયમોની ક્ષતિની પૂર્તતતા કરી દિન–૩૦ માં સંબંધિત કચેરીને જાણ કરવી.

આ હુકમ આજ તારીખ ૧૩મી માહે ડીસેમ્બર સને ૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૩–૧૨–૨૦૨૫
સ્થળ : અમદાવાદ.

**(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ)**
જજ કોડ:જીજે૦૧૦૩(એ)૫
એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ નં.૩, અમદાવાદ.